# -:માતેશ્વરી જગદંબા-સરસ્વતીના જીવન ઉપયોગી જ્ઞાન-રત્નો :-

- હે બાળકો – આ જીવન તો હાર-જીતનો એક ખેલ છે. એમાં કોઈ પણ આત્મા સુખદુ:ખ, માન-અપમાન, સ્તુતિ-નિંદાથી મુક્ત રહી શકતો નથી. ઈશ્વરના જ્ઞાનને ગહનતાથી સમજો, યોગાભ્યાસ કરો, ટ્રસ્ટી બનીને કાર્ય-વ્યવહાર કરતા રહો તો સ્વાભાવિક રીતે બધું ઠીક થઇ જશે.

- ઈશ્વરીય સેવા કરવાનો હેતુ પોતાના જીવનને આદર્શમય જીવન બનાવવાનો છે, જેનાથી અન્ય આત્માઓ પર પ્રભાવ પડી શકે.

- હે બાળકો-ભૂતકાળના જીવનને વાગોળવાથી આત્મિક ખુશી ગાયબ થઇ જાય છે. એટલે અંતર આત્માથી વિચારવાનું છે કે મારો કર્મનો હિસાબ-કિતાબનો ચોપડો પૂરો કરવાનો છે અને નવો ચોપડો બનાવવાનો છે. નવા ચોપડામાં દૈવી સંસ્કારો અને પરમાત્મા શક્તિને ધારણ કરી જમા પાસું બનાવવાનું છે.

- હંમેશા 'હાજી' નો પાઠ પાકો કરજો. કોઈએ આપને કોઈ કામ સોંપ્યું પરંતુ આપને તે આવડતું નથી તો સીધું ના ન પાડો. એમને પૂછવું કે આ કાર્ય કઈ રીતે થશે? જો આપ મને તેનો ઉપાય બતાવશો તો તે પ્રમાણે કરીશ.

- ક્યારેય પણ કોઈ વાત બને, ઘટના ઘટે તો એનું વાતાવરણ બનાવશો નહિ. ગંભીરતાનો ગુણ ધારણ કરી સાક્ષીદ્રષ્ટા બની કાર્ય કરવું.

- પોતાની મનમતને અથવા પરમતને જીવનમાં જવાબદાર બનાવશો નહી, એક પરમાત્માની ઈશ્વરીય મત જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે ઉપયોગમાં લેવી.

- હે બાળકો – એટલું જીવનમાં જરૂર યાદ રાખો કે-"જેવું કર્મ હું કરીશ મને જોઇને બીજા પણ કરશે." એટલે કર્મની ગુહ્યગતિ સમજીને કર્મ કરતા પહેલા વિચારવું.

- હે બાળકો – જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે 'જીવનની હર ઘડીને અંતિમ ઘડી સમજો,' આમ વિચારવાથી પ્રત્યેક પળે ખોટું કરવાથી આત્માં ડરશે.

- જયારે પણ ઈશ્વરીય જ્ઞાન સાંભળો, વિચારો, સમજો ત્યારે તેમાં જે કઈ ઉપદેશ કે આદેશ આત્માં પ્રતિ આપવામાં આવે ત્યારે ચોક્કસ સમજો કે આદેશ આપનાર પ્રભુ મારી આત્મ-ઉન્નતિ માટે – 'હુકમ કરનાર પરમાત્મા હુકમ ચલાવી રહ્યા છે.'

- હે બાળકો – તમારું જીવન મન-વચન-કર્મથી પોસ્ટકાર્ડની જેમ હંમેશા ખુલ્લું હોવું જોઈએ, કવરની જેમ કદાપી બંધ નહિ હોવું જોઈએ.
- હે બાળકો – જીવનમાં કામ કરવાથી ભૂલ થશે, પણ ધ્યાન રાખજો એકવાર ભૂલ થાય તો તે ભૂલ બીજીવાર ફરીથી ક્યારેય ન થાય તેની સતત આત્મ – જાગૃતિ રાખજો.

*****